।। णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स ।।
।। आयओ गुरुबहुमाणो ।।

# માણિભદ્ર-સંવેદના

આસો સુદ પંચમીના પાવન દિને
સાક્ષાત્ સંવાદરૂપ ઉદ્‌ગારો

## પ્રિયમ્

अहो श्रुतम्
**શા. બાબુલાલ સરેમલજી**
**સિદ્ધાચલ બંગ્લોઝ, હીરા જૈન સોસાયટી, સાબરમતી,**
**અમદાવાદ-૩૮૦૦૦૫. મો. ૯૪૨૬૫૮૫૯૦૪**
ahoshrut.bs@gmail.com
**આસો, વિ. ૨૦૭૬**

શાસનરક્ષક તપાગચ્છ-અધિષ્ઠાયક

ચતુર્વિધ શ્રીસંઘ-સેવાતત્પર

યક્ષેન્દ્ર શ્રી માણિભદ્ર વીર !

આજના દિવસે

આપશ્રીને ઘીની આહૂતિઓ તો

ઘણી મળશે

અમારા તરફથી

આ અશ્રુઓની આહૂતિ

આપશ્રીને

સાદર સમર્પિત.

# * માણિભદ્ર–સંવેદના *

## समहिङ्कंति देवया

માણિભદ્રવીર એટલે શાસનદેવતા.

કારણ કે શાસનની શુદ્ધ પરંપરા તપાગચ્છમાં દેખાય છે. અને માણિભદ્રવીરને તપાગચ્છના અધિષ્ઠાયકરૂપે સ્થાપિત કર્યા છે.

**શાસનદેવતા એટલે શાસનના ભક્ત દેવતા.**

**શાસનદેવતા એટલે**

**શાસનના પરમ અનુરાગી દેવતા,**

**શાસનદેવતા એટલે શાસનના રક્ષક દેવતા.**

**શાસનદેવતા એટલે**

**શાસનના બહુધા સાન્નિધ્યકારી દેવતા.**

**ताभ्यां सदाधिष्ठितसन्निधानः... ।। त्रिषष्टि० ।।**

પરમાત્મા શાસનદેવતાથી હંમેશા સાન્નિધ્ય કરાયેલા હોય છે. અસંખ્ય દેવો પ્રભુનું સાન્નિધ્ય કરે છે. Min ૧ કરોડ દેવતાઓ પ્રભુ પાસે અવશ્ય હોય છે.

**जघन्यतः कोटिसङ्ख्या–स्त्वां सेवन्ते सुरासुराः ।**
**भाग्यसम्भारलभ्येऽर्थे, न मन्दा अप्युदासते ।।**

*પ્રભુ ! જઘન્યથી પણ કરોડ સુર–અસુરો આપને સેવે છે, જે વસ્તુ પરમ સૌભાગ્યથી મળે, એમાં મંદબુદ્ધિઓ પણ આળસ નથી કરતા, તો પછી દેવો તો વિબુધ હોય છે. તેઓ કેમ આળસ કરે ?*

પણ આ કરોડ દેવતાઓ કાયમ એના

એ જ સાથે ન હોય, લાખો જાય, બીજા લાખો આવે, ટોટલી બધા બદલાઈ જાય, ફક્ત શાસનદેવ અને શાસનદેવી કાયમ સાથે રહે, કારણ કે એ પ્રભુના અધિષ્ઠાયક છે.

એવી રીતે જે શાસનના અધિષ્ઠાયક દેવતા હોય તે ય શાસનનું સતત નહીં તો છેવટે બહુધા તો અધિષ્ઠાન કરે ને ? શાસન સીદાતું હોય, ને એમની સતત ગેરહાજરી જ વર્તાતી હોય તે કેમ ન સાલે ? આ જ સંવેદન સાથે શ્રીમાણિભદ્ર વીર સાથે કરેલી સીધી વાત અહીં પ્રસ્તુત છે.

માણિભદ્ર વીર ! આજે આપની સાથે ખુલ્લા દિલે વાત કરવી છે. પ્રભૂની મૂળ પરંપરા સ્વરૂપ તપાગચ્છના આપ અધિષ્ઠાયક છો, જો શાસનદેવતા એક ક્ષણ માટે પણ પ્રભુથી

અળગા ન થતા હોય, તો આપે પણ શાસનથી એક ક્ષણ માટે ય અળગા ન થવું જોઈએ, આજે આપનો દિવસ છે. આસો સુદ ૫ આજના દિવસે આપે એક સંકલ્પ કર્યો હતો. સિદ્ધગિરિની યાત્રાનો. આજનો દિવસ આપના માટે પણ ખૂબ મહત્ત્વનો છે. અને ભરતક્ષેત્રમાં વર્તમાન જિનશાસન માટે પણ ખૂબ મહત્ત્વનો છે. આપે અન્ન-જળ છોડીને સિદ્ધગિરિ તરફ પ્રસ્થાન કર્યુ હતું. વચ્ચે મરણાંત ઉપસર્ગ આવ્યો. શત્રુંજયના ધ્યાનમાં શાસનસમર્પણની સંવેદના સાથે આપ કાળ પામ્યા અને વ્યન્તરોના યક્ષનિકાયમાં ઈન્દ્ર તરીકે મહર્દ્ધિકપણે ઉત્પન્ન થયા. નામે યક્ષરાજ માણિભદ્રવીર.

**શાસનના આપે અનેક કાર્યો કર્યા છે.**

**આપના ગુરુદેવ શ્રીઆનંદ-વિમલસૂરિજી મહારાજાને આપે શાસનરક્ષાના કાર્યમાં ખડે પગે સાન્નિધ્ય કર્યું છે અને ભયંકરમાં ભયંકર આફતોને ય મારી હટાવી છે. માટે આપને આજે એ જ પૂછવું છે કે આજે આપ ક્યાં છો ?**

શાસનદેવતા થઈને શાસનની આટલી હદની દર્દનાક પરિસ્થિતિ જોઈને આપને વ્યથા થતી નથી ? શું આપ કશું જ જાણતા નથી ? કે શું જાણીને ય આંખ આડા કાન કરી રહ્યા છો ? આપ જાણતા જ નથી એવું તો અમે શી રીતે માની લઈએ ?

**देवाश्चावधिचक्षुषः ।। ज्ञानसार ।।**

દેવોને તો અવધિજ્ઞાનની દિવ્ય આંખો હોય છે. બીજા દેવલોકો કરતા આપના આવાસો

અમારી વધુ નજીક છે. એટલું જ નહીં અમે એ જ કુળના છીએ જે કુળના આપ હતા. આપ વિશા ઓસવાલ હતા, અમારામાંથી ય ઘણા વિશા ઓસવાલ છે. અમે એ જ જગ્યાએ છીએ જે આપની વિશિષ્ટ ભૂમિઓ ઉજ્જૈન, આગલોડ, મગરવાડા, શત્રુંજય વગેરેની વચ્ચે જ આવેલી છે. ચૌદ રાજલોકના આ વિરાટ ક્ષેત્રમાં આપની જન્મ વગેરેની ભૂમિ અમને લગોલગ જ આવેલી છે એમ કહેવાય. આપનો સ્વર્ગવાસ વિ.સં. ૧૫૬૫ માં થયો જેને હજી ૫૧૦ વર્ષ જ થયા છે. જે આપના આયુષ્યના પ્રમાણમાં હજી ચપટી વગાડીએ એટલો જ સમય કહેવાય. ને આપ કશું જાણતા નથી આવું તો શી રીતે કહેવાય ?

તો શું અમારે એમ માની લેવું કે આપ જાણીને પણ આંખ આડા કાન કરી રહ્યા છો ? ના ના, આવું માનવા પણ મન હરગીઝ તૈયાર થતું નથી.

**ઓ માણિભદ્રવીર ! આપ જુઓ, જે આચાર્યોને આપે ધર્મલાભ આપવાનો કોલ આપ્યો છે, તેમની સમગ્ર સુવિહિત પરંપરાએ આપને કેવા શબ્દોથી નવાજ્યા છે !**

**वेयावच्चगराणं**

*સુવિહિત મુનિવરો આદિ સકળ*
*સંઘની સેવા કરનારા.*

**संतिगराणं**

*ગમે તેવી આફતોની આંધીમાં પણ*
*શાંતિ કરનારા.*

**सम्मदिट्ठि समाहिगराणं**

*સમકિતી પુણ્યાત્માઓને બધી જ રીતે સમાધિ આપનારા.*

શું આ શબ્દોને આપ સાર્થક નહીં કરો ? ને છતાં આપનું શાસનદેવતા પદ સાર્થક થશે ખરું ? શાસનદેવતા કોને કહેવાય ?

એક સાધ્વીજી ભગવંત યાદ આવે. નામ હતું યક્ષા. સ્થૂલભદ્રસ્વામિજીના બહેન મહારાજ. એમણે એમના ભાઈ મહારાજ - શ્રીયક મુનિને ખેંચાવી ખેંચાવીને ઉપવાસ કરાવ્યો. મહાત્મા કાળ કરી ગયા. સાધ્વીજીને સખત આઘાત લાગ્યો, 'બસ, મેં જ એમને મારી નાંખ્યા.' પસ્તાવો એટલો પારાવાર છે કે એ ખુદ પણ કાળ કરી જાય. સંઘ એમને સમજાવે છે કે

'આપનો ભાવ આરાધના કરાવવાનો જ હતો એટલે આપને એવું પાપ લાગ્યું જ નથી.' પણ સાધ્વીજીને સંતોષ થતો નથી. 'મને જો તીર્થંકર પોતે કહે તો જ મને સંતોષ થાય.'

સાધ્વીજી અને તીર્થંકરનો ભેટો કરાવવો કઈ રીતે ? પ્રભુ વીર નિર્વાણ પામી ચૂક્યા છે. વિહરમાન અન્ય તીર્થંકરો હજારો યોજન દૂર છે. ને સંઘ શાસનદેવતાને યાદ કરીને કાયોત્સર્ગ કરે છે. શાસનદેવતા હાજર થાય છે. સાધ્વીજીને સીમંધરસ્વામી પાસે લઈ જાય છે, સીમંધરસ્વામી કહે છે, 'તમે સંપૂર્ણપણે નિર્દોષ છો, એ મહાત્માનું આયુષ્ય આ રીતે જ પૂરું થવાનું હતું.' ને સાધ્વીજીને પરમ સંતોષ થયો.

**ઓ માણિભદ્ર વીર ! આજે ય અમારી**

પાસે એ ઘટનાની સાબિતી છે – બે દશવૈ-કાલિકચૂલિકા અને બે આચારાંગચૂલિકા. અમારે તમને એ પૂછવું છે કે એક સાધ્વીજીની સમાધિ માટે જો શાસનદેવતા આવી શકે તો આજે અમારા જેવા હજારો શાસનપ્રેમીઓના હૈયા વલોવાઈ રહ્યા છે. આજે શાસનનું એક પણ અંગ સાબૂત નથી. જે રીતે વિચારીએ, જ્યાંથી વિચારીએ, જેમાં વિચારીએ બસ, શાસનની દુર્દશા ને દુર્દશા જ બહાર આવે, હું તમને કહું છું કે આજે અમારી અસમાધિનો કોઈ પાર નથી, એક શાસનદેવતા તરીકે આપ હજી કેટલી ધીરજ ધરવાની શક્તિ ધરાવો છો એ મને કહી દો.

સાધ્વીજી જો આઘાતમાંથી બહાર ન આવત તો એ કદાચ કાળ કરી જાત, એમના

માટે એ એક પ્રકારની આત્મહત્યા થાત અને જો છતી શક્તિએ શાસનદેવતા ઉપેક્ષા કરત તો એમના માટે એ એક પ્રકારની હત્યા થાત. હું તમને પૂછું છું - આજે આ સંઘ જે પરિસ્થિતિમાંથી પસાર થઈ રહ્યો છે, જે રીતે સંખ્યા ઘટી રહી છે, જે રીતે જૈનો વટલાઈ રહ્યા છે, જે રીતે સંસ્કારોનું ધોવાણ થઈ રહ્યું છે, જે રીતે જૈનત્વ ઓગળી ને ઓસરી રહ્યું છે, જે રીતે રીતસર અધઃપતન દેખાઈ રહ્યું છે, શું એ આત્મહત્યા નથી ?

**રાતના બાર વાગે જૈનોથી હોટલ ભરેલી હોય આ અમારી આત્મહત્યા છે. કોલેજ અને જોબના ભયંકર દુષ્પરિણામો જોવા છતાં અમે અમારી દીકરીઓને વધેરી નાંખીએ છીએ આ**

અમારી આત્મહત્યા છે, અમારી પાઠ-શાળાઓમાં જે રીતે કાગડા ઉડે છે આ અમારી આત્મહત્યા છે, અમારામાંથી ૯૯.૯૯ ટકાને જિનશાસન શું એ ય ખબર સુદ્ધા નથી આ અમારી આત્મહત્યા છે. અમને ૧૦૦ % ખબર છે કે મોબાઈલ એ ઝેરી નાગ છે, છતાં અમારે ય એ રાખવો છે ને અમારા નાનકડા સંતાનને ય એ આપવો છે, આ અમારી આત્મહત્યા છે, અમારા આખા પરિવારને તદ્દન વેરવિખેર કરી દે એવો ય વેસ્ટર્ન ડ્રેસ અમારે હરગીઝ છોડવો નથી આ અમારી આત્મહત્યા છે.

પેલી એક સાધ્વીજી ભગવંતની એક આત્મહત્યા હતી. આ અમારા લાખો દ્વારા સેંકડો પ્રકારની આત્મહત્યાઓ થઈ રહી છે.

શું તો ય આપ નહીં આવો ? ને આપની આ ઉપેક્ષા હત્યા નહીં કહેવાય ?

તમે જુઓ તો ખરા આપના માટે કયાં શબ્દો બોલાય છે.

**जे तित्थंकरपायपंकजवणा – सेविक्करोलंबया,**
**पाणीणं जिणभत्तियाणमणिसं, साहेज्जकज्जेरया ।**
**सम्मदिट्ठिसुरा वराभरणभा – दिप्पंतदेहप्पहा,**
**ते संघस्स हवंतु विग्घहरणा, कल्लाणसंपायणा ।।**

*સમકિતી સુરો એટલે કોણ ?*

*તીર્થંકરના ચરણકમળવનની સેવામાં ભ્રમર જેવા, જિનભક્ત જીવોને હંમેશા સહાય કરવામાં તત્પર શ્રેષ્ઠ આભૂષણોની આભાથી દેદીપ્યમાન દેહપ્રભાવવાળા*

એવા શાસનદેવતા
સંઘના વિઘ્નોનું હરણ કરો,
એમના કલ્યાણનું સંપાદન કરો.
ઓ માણિભદ્રવીર !

શું આપને સંઘના આટલા વિઘ્નો ઓછા લાગે છે ? શાની રાહ જોઈ રહ્યા છો આપ ? હજી કઈ બરબાદી બાકી છે.

માણિભદ્ર વીર ! એક ઘટના યાદ આવે છે. જિનશાસનની એક શ્રાવિકા. નામ હતું મનોરમા. એના પતિ હતા સુદર્શન શેઠ. એમના પર કલંક આવ્યું, ચૌરે ને ચૌટે એમની નિંદા થવા લાગી. લોકો એમના પર ફિટકાર વરસાવવા લાગ્યા. એ શ્રાવિકાએ એની વ્યથાથી વ્યથિત થઈને કાયોત્સર્ગ કર્યો. શાસનદેવતા

આવ્યા. શૂળીનું સિંહાસન થઈ ગયું. નિંદા અને ફિટકારની જગ્યા પ્રશંસાના વરસાદે લઈ લીધી, આનંદ-મંગળ થઈ ગયું. **મારે તમને એ પૂછવું છે કે એક શ્રાવકની અપભ્રાજનામાં જો શાસનદેવતા હાજર થઈ શકે તો આજે છડે ચોક આખા જિનશાસનની અપભ્રાજના થઈ રહી છે. એના માથે રીતસર માછલા ધોવાઈ રહ્યા છે, અમારું માથું શરમથી ઝૂકી ગયું છે, અમારી આંખો લોહીના આંસું વહાવે છે, અમારું અંતર કારમો વલોપાત કરી રહ્યું છે. આ બધું જોવા માટે જીવતા રહેવું એ ય અમને સખત સજા લાગે છે, આ બધું જોયા કરવું એ ય અમને મોટો ગુનો લાગે છે, ઓ માણિભદ્રવીર ! હું તમને પૂછું છું, તમને કેવું લાગે છે ? શું**

**તમારા પેટનું પાણી ય હલતું નથી, શું આપ બિલકુલ વ્યથિત નથી થતા, આપ કઈ રીતે આટલી ઠંડક રાખી શકો છો ? પગથી માથા સુધી સળગી જવાય એવી આજની શાસનની પરિસ્થિતિ છે. રોમ રોમ સળગી જાય એવી શાસનની અવદશા છે. જો એક નગરમાં એક શ્રાવકની આબરું બચાવવા શાસનદેવતા અવતરી શકે તો હજારો શહેરો ને લાખો ગામડાઓમાં શાસનની આબરુ બચાવવા આપ ન અવતરી શકો ?**

મને કહેવા દો કે એક ઘોર મિથ્યાત્વી દેવ પણ જો શાસન માટે કશું જ ન કરે ને આપ પણ કશું જ ન કરો તો આપના બંનેમાં ફરક શું રહેશે ? મને કહેવા દો કે અન્યદેવ-

સ્થાનકના અધિષ્ઠાયકો જેમ જિનશાસનને ઉપયોગી બનતા નથી, એમ આપ પણ જો ઉપયોગી ન બનો તો એમનામાં ને આપનામાં ફરક જ શું રહેશે?

ઓ માણિભદ્ર વીર ! આ એ સંઘ છે જેણે ઉપાશ્રયે ઉપાશ્રયે આપની પ્રતિષ્ઠા કરી છે. આ એ સંઘ છે, જેણે જિનાલય સુદ્ધામાં આપને સમ્માનભર્યું સ્થાન આપ્યું છે. આ એ સંઘ છે જે આપને શ્રીફળના તોરણો ચડાવે છે. આ એ સંઘ છે જે આપને સુખડી ચડાવે છે. આ એ સંઘ છે જેણે આપના નામના જબરદસ્ત તીર્થો ઊભા કર્યા છે, આ એ સંઘ છે, જે આપનો અખંડ દીવો જલાવે છે. આ એ સંઘ છે જેના અંતરમાં આપના માટે આજે

ય ભારોભાર આસ્થા છે. આ એ સંઘ છે જે આજે ય આપના ચાલીસા, જાપ, પૂજન, હોમ અને આરતી કરે છે. શું આપને આ સંઘ માટે કોઈ જ લાગણી નથી ?

**સુર સમકિતવંતા જેહ ઋદ્ધે મહંતા**

**આજે અમારા જેવાના હાથ હેઠા પડે છે. અમારી તલવારો પૂઠ્ઠાની સાબિત થાય છે, અમારું જોર પોતે જ કમજોર છે, ત્યારે અમે આપની આશા ન રાખીએ તો કોની રાખીએ ? મોટી ઋદ્ધિ-મોટી શક્તિ-મોટું ઐશ્વર્ય-મોટો પ્રભાવ. આમાંથી કશું ય અમારી પાસે નથી, ને આપની પાસે બધું જ છે.**

ઓ માણિભદ્ર વીર ! યાદ કરો એ ઘટના. કેટલાંક તોફાની દેવોના ઉપદ્રવોથી શ્રમણ ભગવંતો

ધડાધડ મૃત્યુ પામી રહ્યા હતા, ને આપનું ખમીર ઉકળી ઉઠ્યું હતું, આપ બેબાકળા બની ગયા, આપ દોડી ગયા, એ દેવોને ખલ્લું આહ્‌વાહન કર્યું, એમની સાથે ખરાખરીનો જંગ ખેલ્યો. એમને ધોબીપછાડ હાર આપી. ને મહાત્માઓની રક્ષા કરી.

યાદ આવે છે આપને ? આજે એ જ પરંપરાના પૂજ્યો પર દ્રવ્ય અને ભાવ મરણાંત ઉપસર્ગો થઈ રહ્યા છે. જે રોડ પર કૂતરા, બિલાડા ને ઉંદરોના અકસ્માતો થઈ રહ્યા છે. એ જ રોડ પર અમારા મહાત્માઓના અકસ્માતો થઈ રહ્યા છે. શું પંચમહાવ્રતધારી મહાત્માઓની જિંદગી આટલી સસ્તી છે ? ઢગલાબંધ મહાત્માઓ ઓન ધ સ્પોટ કાળધર્મ પામી રહ્યા

છે. ઢગલાબંધ મહાત્માઓ હોસ્પિટલમાં જીવન-મરણનો સંઘર્ષ ખેલીને કાળધર્મ પામી રહ્યા છે. ઢગલાબંધ મહાત્માઓ કદી ભરપાઈ ન થઈ શકે એવી ઈજા સાથે શેષ જીવનનો ભાર વેંઢારી રહ્યા છે. શું આપને નથી લાગતું કે આ ઉપદ્રવો સામે આપે જંગ ખેલવો જોઈએ ને એમનું નિવારણ કરવું જોઈએ?

આ દ્રવ્ય ઉપદ્રવોને તો ક્યાંય સારા કહેવડાવે એવા ભાવ ઉપદ્રવો આજે શ્રમણસંસ્થાને પજવી રહ્યા છે. સંસ્કાર ને સમાજવ્યવસ્થાની ઓઠે જે સાધુપણું પાળવાનું હતું એ ઓઠ પોતે જ આજે ભાંગી રહી છે. યાદ આવે આગમ -

**धम्मं चरओ लोए हवंति णिस्सापयाणि पंचेव ।**
**छक्काया गणो राया गाहावइ सरीरं च ।।**

ધર્મનું આચરણ કરતા મહાત્માને પાંચ આશ્રયો હોય છે.

(૧) ષટ્કાયના જીવો - જેમના અચિત્તાદિ શરીરો પાણી વગેરે રૂપે આશ્વસ્ત કરે.

(૨) ગણ - સમાજ વગેરે જૂથ, જેના આર્ય રીતિરિવાજો શ્રામણ્યનું પીઠબળ આપે.

(૩) રાજા - જે દુષ્ટ તત્ત્વોથી રક્ષા કરે.

(૪) શય્યાતર - જે નિર્દોષ આવાસ પૂરો પાડે.

(૫) શરીર - જે ધર્માચરણનું સાધન બને.

જ્યારે વાડ જ ચીભડા ગળવા લાગી, જ્યારે બોડીગાર્ડ જ ફૂટી ગયો, જ્યારે ડોક્ટરે જ સોપારી લઈ લીધી, જ્યારે સાધક જ બાધક બની ગયો, ત્યારે સાધુ સંયમ પાળશે શી રીતે ?

**મને કહેવા દો કે લાખો વર્ષોમાં સંયમ પાલનની જે પ્રતિકૂળતાઓ ન હતી, તે આજે છે. લાખો વર્ષોમાં શાસનદેવતાની કદાચ જે જરૂર ન હતી એ આજે છે. ઓ માણિભદ્ર વીર ! સાધુઓના માથા વધેરાઈ રહ્યા હતા ને આપ કૂદી પડ્યા હતા. આજે સાધુતાના માથા વધેરાઈ રહ્યા છે. શું આ વધુ દર્દનાક ઘટના નથી ?**

અમારો એક વર્ગ એવો છે જેને ચોથો આરો જ વર્તતો લાગે છે, જેમ જેમ દીક્ષાઓ વધે એમ એમ જાણે બેડો પાર થઈ ગયો એવું એમને લાગે છે. એમને મારા જેવા ગાંડા લાગે છે, ખોટી ચિંતા કરનારા લાગે છે. ને બીજો વર્ગ એવો છે જેને સુરક્ષા વગરના સંયમમાં જોખમ દેખાય છે. જેઓના શ્વાસ અદ્ધર છે,

જેમને આ વાતાવરણમાં સંયમ પાળવું એ કોલસાની ખાણમાં ચોખ્ખા રહેવા જેવી અઘરી વસ્તુ લાગે છે. જેઓ ઈચ્છે છે કે મરણિયા બનીને પણ આ પરિસ્થિતિમાં તાત્કાલિક સુધારો લાવવામાં આવે, જેઓ ઈચ્છે છે કે પ્રત્યેક સાધુને પૂર્ણ વિશુદ્ધ સંયમ પાળવા માટે બહારથી જે અનુકૂળતા મળવી જોઈએ, એમાં બિલકુલ ખામી ન રહેવી જોઈએ.

માણિભદ્ર વીર ! હું તમને પૂછું છું ? આપ આ બેમાંથી કયાં વર્ગમાં છો ? શું આપને ય ચોથો આરો વર્તતો લાગે છે ? શું આપને ય કોઈ જ પરિવર્તનની જરૂર નથી લાગતી ?

**માણિભદ્ર વીર ! આવશ્યક આગમમાં વાંચેલી એક ઘટના યાદ આવે છે. એક શ્રમણ**

ભગવંત હતા. નામ હતું દંડ અણગાર. એ સાધના કરી રહ્યા હતા. ત્યાં રાજાની સવારી આવી. રાજાએ અપશુકન માની એમને એક પથ્થર માર્યો. પાછળ આખા લશ્કરે રાજાનું અનુકરણ કર્યું. પથ્થરના ઢગલામાં મહાત્મા દટાઈ ગયા. અસહ્ય વેદનાને સમભાવે સહી કેવળજ્ઞાન પામી મોક્ષે ગયા. શાસનદેવતારૂપે ખુદ દેવરાજ ઈન્દ્ર આવ્યા. રાજાનો ઉધડો લઈ લીધો. રાજાને સ્પષ્ટ કહી દીધું. દીક્ષા લે તો જીવતો છોડું. રાજાએ માફી માંગી દીક્ષા લીધી. જિનશાસનનો જયજયકાર થયો.

માણિભદ્ર વીર ! આજે મને નજર સામે શ્રમણત્વ પર પથ્થરમારો દેખાઈ રહ્યો છે. આ આંધળું શહેરીકરણ એ પથ્થરમારો છે, લોકોની

આંધળી પશ્ચિમી દોટ એ પથ્થરમારો છે. આ વિના વિચારે આડેધડ સ્થળાંતરો એ પથ્થરમારો છે, આ બેહુદા વેષ પરિધાનો એ પથ્થરમારો છે, આ આધુનિક સાધનો એ પથ્થરમારો છે, સંયમપ્રતિકૂળ ઉપાશ્રયાદિ એ પથ્થરમારો છે.

દંડ અણગાર પૂર્ણ સમાધિમાં હતા, અમારી એવી ક્ષમતા નથી, ઈન્દ્ર મહારાજા દોડી આવેલા, શું આપ ઉદાસીન રહેશો ? આપના ઉપકારી ગુરુની પવિત્ર પરંપરા પર થઈ રહેલ પથ્થરમારાને શું આપ જોયા કરશો?

ઓ માણિભદ્રવીર ! જે જિનશાસન મંદિરના રખેવાળ તરીકે આપને નિયુક્ત કરવામાં આવ્યા છે, એની અંદર ગધેડા ને ભૂંડ પેસી રહ્યા છે, ને બધું બગાડી રહ્યા છે. એની અંદર વાઘ ને

વરૂ પેસી રહ્યા છે ને અંદરવાળાને જીવતા ફાડી ખાઈ રહ્યા છે. ક્યાં છો આપ ? શું આપની એની રખેવાળી કરવાની ફરજ નથી ?

થોડા વર્ષો પહેલાની વાત, મેં ગુરુદેવને કહ્યું હતું – 'આપણે શા માટે માણિભદ્રવીરનો જાપ જપીએ ? માણિભદ્રવીર આપણો જાપ જપે.' મને ખબર છે માણિભદ્ર વીર ! આજે ય હજારો મહાત્માઓ આપના નામનો જાપ જપે છે. આપ એમનો જાપ જપો કે ન જપો, જે સંઘ આપને આટલા આદર અને સમ્માનથી જુએ છે, એ સંઘ પ્રત્યે આપ ગળગળા નથી થઈ જતા ? એની રખેવાળીનું દાયિત્વ લીધા પછી ય એની સ્થિતિ જોઈને આપનું હૃદય ડંખતુ નથી ? શું આપ પણ સિદ્ધાર્થ વ્યંતર

જેવું કરશો. ઉપદ્રવો વખતે ગેરહાજર રહેશો ?

પૂજ્ય હેમવિમલસૂરિજી નું આપે સાન્નિધ્ય કર્યું, મોગલ બાદશાહોને ય વશ કરીને એ મહાપુરુષ જિનશાસનનો જયજયકાર કરી શક્યા. માણિભદ્ર વીર ! આજે તો લોકશાહી કહેવાય છે. ધર્મસ્વાતંત્ર્ય કહેવાય છે. એમાં ધર્મ માર ખાય, એ આપને પાલવે છે. માણિભદ્રવીર ! જુઓ, આપના માટે પૂજ્યોના શબ્દો કેવા છે ?

**यशोवित्तविद्याप्रदातारमीड्यं,**
**जगद्वन्दनीयं तपागच्छनाथम् ।**
**पवित्रव्रतं सर्वदाऽहं स्मरामि,**
**दयाम्भोनिधिमाणिभद्राख्यदेवम् ।।**

*યશ, ધન અને વિદ્યાના દાતાર*
*જગદ્વન્દનીય તપાગચ્છ-નાથ પવિત્રવ્રતધર*

દયાના સાગર એવા માણિભદ્રદેવને હું સદા સ્મરું છું.

આપના પ્રત્યે આજે ય અમારા હૃદયમાં આ આદર છે. શાસનના અઢળક કાર્યો આપે કર્યા છે. કદાચ અમારા ધ્યાનમાં ન આવે તેમ કરી રહ્યા છો ને કરવાના છો. આપને કહેવામાં કદાચ આજે કશું જ બાકી નથી રાખ્યું. પણ તેનું કારણ પણ આપના પ્રત્યેની આસ્થા જ છે. એક બાજુ શાસનની સ્થિતિ જોઈને અંતરમાં આગ લાગી છે. બીજી બાજુ આપના જેવા મહર્દ્ધિક શાસનદેવતા પર નજર ઠરે છે. આ સ્થિતિમાં બીજું શું થઈ શકે ? સિવાય આપની પાસે હૈયાવરાળ ઉલેચવી.

અમે ય મહેનત કરીએ છીએ, પણ અમારી પાસે નાની પિચકારી છે, આપની પાસે આખો

ફાયરબ્રિગેડ છે, અમારી પાસે પૂંઠાની તલવાર છે. આપની પાસે સંપૂર્ણ શસ્ત્રસરંજામ છે. અમારી પાસે મનોરથો છે, આપ સ્વયં મહારથી છો.

માણિભદ્ર વીર ! તીર્થો, સાધુ-સાધ્વીઓ, શ્રાવક-શ્રાવિકાઓ, સદાચાર, સંઘો, ધર્મસ્થાનો, ધર્મદ્રવ્યો, પવિત્રતા, શુદ્ધ પરંપરા-બધું જ ઓછે-વત્તે અંશે લૂંટાઈ રહ્યું છે. આપ આવો. આપણી બધી જ ગરિમા પાછી લાવવી છે. એક એક તીર્થની જડબેસલાક સુરક્ષા કરવી છે. તોફાનીઓને પ્રભુના ભક્ત બનાવી દેવા છે. ચતુર્વિધ સંઘની દ્રવ્ય અને ભાવ બંને રીતે રક્ષા કરવી છે. પવિત્રતાનું એક છત્રી સામ્રાજ્ય ઊભું કરવું છે. અને જિનશાસનની શુદ્ધ પરંપરાને આવનારી સદીઓ સુધી સલામત કરી દેવી છે.

**બસ, હવે બહુ થયું. આપે બહુ રાહ જોવડાવી, હવે આપ પધારો, હવે બિલકુલ વિલંબ કરવા જેવો નથી. જિનશાસનનું સ્વર્ણિમ સ્વપ્ન સાકાર કરવા માટેનો આ અવસર... આપનું આગમન... પરમ અભ્યુદય અને અમારી આંખે આનંદના આંસું...બસ, આથી વધુ અમને કશું જ જોઈતું નથી.**

આપશ્રીના હૃદયને અમારાથી લેશ પણ
ઠેસ લાગી હોય
કે પરમ તારક શ્રદ્ધેય શ્રીજિનાજ્ઞાવિરુદ્ધ
કંઈ પણ કહેવાયું હોય, તો ત્રિવિધે
મિચ્છામિ દુક્કડમ્
આસો સુદ ૫, વિ. ૨૦૭૬,
શ્રી આંબાવાડી જૈન સંઘ, અમદાવાદ